# સ્વયં સંભાવના કરીએ તો સારી જ કરીએ

વિશિષ્ટ જીવનની વ્યાખ્યા એવી આપવામાં આવે છે કે વિધાયક દૃષ્ટિવાળું જીવન એ વિશિષ્ટ કહેવાય. આવી **વિધાયક દૃષ્ટિની પ્રાપ્તિ માટે જ સદ્વાચન અને સદ્સમાગમ - સંતોનું સેવન કરવાનું કહ્યું છે.**

ચારે તરફ બનતી **ઘટનાઓને બદલવાનું ન તો આપણું ગજું છે, ન તો એ આપણા હાથમાં છે; ન તો એ જરૂરી છે. પરંતુ એ ઘટનાને, એ દૃશ્યને મૂલવવાની કે જોવાની દૃષ્ટિ બદલવી, સુધારવી અને ઘડવી એ આપણા હાથની વાત છે.**

એકેક ઘટનાને, દૃશ્યને જોવાના કેટલા બધા દૃષ્ટિકોણ હોય છે ! **આપણે તે દૃશ્યને એવા દૃષ્ટિકોણથી જોવું જોઈએ કે જેનાથી આપણને કાંઈક નક્કર લાભ થાય, કમસેકમ નુકશાન તો ન જ થાય.** આ તો કેવું છે ? આપણી સામે કોઈ પણ વસ્તુ છે તેને આપણે કઇ રીતે પકડીએ જેથી આપણને કે વસ્તુને નુકશાન ન થાય ? દરેક વસ્તુને પકડવાનો - લેવાનો એક ચોક્કસ તરીકો છે, રીત છે. ચપ્પુ પકડવું હોય, કાતર પકડવી હોય, સાણસી વડે તપેલી પકડવી હોય તો તેને તેની એક ચોક્કસ રીતે જ પકડી શકાય.

એવી જ રીતે, કોઈ પણ ઘટના હોય તેને એક ચોક્કસ દૃષ્ટિથી જોઈ શકાય. આપણે તે તે ઘટનાને કેવી રીતે જોઇએ છીએ એ બહુ જાણીતી વાત છે. કેવી રીતે તેને જોવી જોઇએ તે બાબત આજે વિચારવી છે. જુદાં જુદાં દૃષ્ટાંત દ્વારા તેને સમજવાનો પ્રયત્ન કરીએ.

**આપણે જ્યારે આપણી ઈચ્છાથી જ વિચારવાનું હોય, અનુમાન કરવાનું હોય, અટકળ કરવાની હોય, કહો કે સંભાવના કરવાની હોય તો તે સારી રીતે જ કરીએ.** તે માટે આપણે આપણી દૃષ્ટિને કેળવવી પડે. એકવાર દૃષ્ટિ કેળવાઈ જાય તો તે પછી દરેક વખતે વિધેયાત્મક દૃષ્ટિથી જોવાનું ફાવી જાય.

લગભગ સાઠ-સિત્તેર વર્ષ પહેલાં રાજકોટમાં બનેલો એક પ્રસંગ છે. ત્યાં આપણા પ્રસિધ્ધ ઈતિહાસકાર શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈના મામા રહેતા હતા. તેઓ ખૂબ ઉદાર દિલ અને દયાળુ હતા. જે કોઈ યાચક એમને આંગણે આવે તેને 'ના' ન કહેતા, પણ અડધો મણ બાજરો અપાવતા. આ એમનો રોજનો સિલસિલો હતો. સવાર પડે ને ત્રણ-ચાર વ્યક્તિ આવતી, તેને નક્કી કરેલા એક મોદીની દુકાનેથી બાજરો મળી જતો.

એકવાર ભર ઉનાળામાં બપોરના બાર વાગ્યાના સુમારે આધેડ વયના એક બહેન આવ્યા. સાવ નિર્ધન અને દરિદ્ર અવસ્થા એ બહેનની હતી, એ આવીને ઊભા રહ્યાં, કાંઈ બોલે તે પહેલા જ બાજુમાં ઊભેલા અઢાર વીસ વર્ષના ભત્રીજાને કહ્યું : તું આ બહેનની સાથે જા અને અડધો મણ બાજરો અપાવી દે.

બાઈ આગળ ચાલી. દુકાન પાસે જઈ ભત્રીજાએ બાઈને ઈશારો કર્યો અને દુકાનદારે બાઈને અડધો મણ બાજરો આપ્યો. એક કપડામાં આ અનાજ બાંધી બાઈ આગળ ચાલતી થઈ. ભત્રીજાને રસ પડ્યો. તે પણ થોડા અંતરે રહી બાઈની પાછળ ચાલ્યો. થોડે દૂર એક નાની ગલીમાં જઈ, બાઈએ બાજરો વેચી દીધો અને તેના રોકડા પૈસા લઈ લીધા.



Melbourne Shwetambar Jain Sangh

આ જોઈને ભત્રીજો પાછો ફર્યો. ઘેર આવી સહેજ રોષમાં આવીને કહેવા લાગ્યો : તમેય શું આવાને આમ બાજરો આપ્યા કરો છે ? બાઈએ તો એ બાજરો વેચી કાઢ્યો !

ત્યારે મનસુખભાઈએ કહ્યું : મેં તને બાજરો અપાવવા મોકલ્યો હતો. એ બાજરાનું બાઈ શું કરે છે તે જોવા માટે નહીં ! બાઈને ખબર છે કે હું બાજરા સિવાય કાંઈ આપતો નથી. અને તેને આ ઉનાળામાં પગ બળતાં હોય ને પગરખાંની જરૂરત હોય તો પછી બીજું શું કરે ?

આવા પ્રસંગો પરથી આપણી આસપાસ બનતી ઘટનાને જોવાની ગુરુચાવી મળે છે. **આપણે જ સંભાવના કરવી હોય તો સારી જ સંભાવના કરવી જોઈએ. તેમાં પહેલો લાભ આપણા પક્ષે જ છે.**

સંવત્સરી મહાપર્વનો દિવસ હતો. સાંજના પ્રતિક્રમણ પછી શ્રીફળની પ્રભાવના હતી. સિત્તેર વર્ષના એક કાકા પ્રતિક્રમણ કરીને બહાર નીકળતા હતા ત્યારે પ્રભાવના કરનારે એમને શ્રીફળ આપ્યું. કાકાએ કહ્યું : બીજું આપો. પેલા ભાઈએ બીજું પણ આપ્યું. આ દૃશ્ય કેટલાકે જોયું. તરેહવારની અટકળ થવા લાગી : જુઓને ! કાકા પણ કેવા છે, બે શ્રીફળ લીધાં. આમ લેવાતા હશે ? બીજો બોલ્યો : કાકા એવા જ લાગે છે. તો ત્રીજો એક જણ બોલ્યો : આ ઉંમરે પણ આવી કુટેવ છૂટતી નથી. આ બધાને સાંભળી એક ભાઈ બોલ્યા : એવું પણ બની શકે કે એમનો દીકરો થોડી ઉતાવળથી વહેલો નીકળી ગયો હોય અને તેની પ્રભાવના આ કાકાએ લીધી હોય ! વાત વાતમાં પૂછી પણ જોયું અને એ અટકળ સાચી પડી.



Melbourne Shwetambar Jain Sangh

ચીલાચાલુ રીતે જુએ અને વિચારે તો, આવા પવિત્ર દિવસે નકારાત્મક વિચારો કરવાથી એને ફેલાવવામાં નિમિત્ત બનાય. ક્યારેક આવો સામાન્ય બનાવ મોટા ઝગડાનું રૂપ પણ લઈ લે. **કોઈ પણ પ્રસંગે કઈ રીતે વિચારવું એ કળા છે.**

પાલિતાણામાં અષાઢ મહિનામાં બધા પૂજ્ય સાધુ સાધ્વીજી મહારાજને ઉપકરણ-વસ્ત્ર, પાત્રો વહોરાવવા અનેક વ્યક્તિ આવે છે. એક સંસ્થા દ્વારા બે ભાઈઓ આમ વહોરાવતાં એક સાધ્વીજી મહારાજ પાસે ગયા. સાધ્વીજી બે ઠાણા હતા. વસ્ત્ર વગેરે થોડું જ વહોર્યું, પણ જ્યારે પાત્રાની જોડ વહોરાવવા માંડી તો, એક, બે, ત્રણ, ચાર અને એક વધુ એમ પાંચ જોડ વહોરી. કર્મચારી ભાઈએ જેટલી કહી તેટલી, પાંચે પાંચ વહોરાવી. (એક જોડ પાત્રા એટલે નાના મોટા નવ પાત્રા.)

વહીવટદારો તરફથી કડક સૂચના હતી કે જે જે ચીજ વસ્તુનો ખપ હોય એને તેઓ ઈચ્છે તેટલા પ્રમાણમાં વહોરાવવી. તેઓએ એમ તો કર્યું પણ મનમાં વાત રહી ગઈ. વહીવટદારો આવ્યા અને પૂછ્યું કે બરાબર લાભ મળ્યો છે ને ! ત્યારે કર્મચારી ભાઈએ કહ્યું : બીજો બધો સારો લાભ મળ્યો છે પણ એક સાધ્વીજી બે ઠાણા હતા તેઓએ નવ પાત્રાની એક જોડ, એવી પાંચ જોડ વહોરી છે. આટલી બધી જોડ તેઓ શું કરશે ?

વહીવટદારોએ આ સાંભળી કહ્યું : આપણે એવું શા માટે વિચારવું ? કદાચ એવું પણ બને કે તેમના ગુરુણી કે ગુરુ બહેનો રાજસ્થાન કે બનાસકાંઠાના અંતરિયાળ ગામડાંમાં હોય અને તેઓને બહોળા સમુદાયના કારણે સૂચના આપી હોય કે આમ કોઈ વહોરાવવા આવે તો ધ્યાન રાખજો. એ મુજબ તેઓએ વહોરી હોય તેમ પણ બને.

**આ રીતે (વિધેયાત્મક દૃષ્ટિથી) વિચારવાથી મનમાં અસદ્-ભાવનાના અંકુરો ઉગવા માંડ્યા હોય તે ત્યાં જ કરમાઈ જાય.** વળી એ વાત સાચી પણ હોઇ શકે. વળી આમ વિચારવાથી સુખ જ થાય છે.

**આપણે એવી કાળજી પણ રાખવી જોઈએ કે સામી વ્યક્તિને અવળી સંભાવના કરવાની તક ન મળે.** આ વાત સમજવા માટે એક કિસ્સો જોઈએ.

અમદાવાદની એક પોળમાં પ્રભુજીના દેરાસરની વર્ષગાંઠના જમણવારનો પ્રસંગ હતો. બસો-ત્રણસો માણસ જમનાર હતા. તે માટે જોઇતી ચીજ-વસ્તુ લેવા માટે વહીવટદાર બજારમાં ગયા. ખરીદી કરીને શાક મારકીટમાં ગયા. જમણવાર માટે જોઈતું શાક ખરીદ્યું. પછી ઘર માટે શાક લેવાનું હતું. સંઘ-જમણ માટે ટીંડોળા અને ભીંડા લીધા હતા. તો, પોતાના ઘર માટે તેનાથી બીજું જ –કાકડી અને તૂરિયા લીધાં, અને તે પણ બીજા જ કાછિયા પાસેથી. આટલી કાળજી રાખવામાં આવે તો બીજાને ખોટી કે અવળી સંભાવના કરવાની તક જ ન મળે. આવી સૂઝ સમજ મહાજન પાસે હતી.

**અવળું વિચારવાનું, માનવા-મનાવવાનું તો બાજુએ રહ્યું પણ સવળું અને તે પણ કેટલું બધું ઉમદા કહેવાય તેવું સમદરપેટા મહાજન વિચારતા હતા** તે વાત જ્યારે આપણે જાણીએ ત્યારે આપણાં સાંકડા મનની નીચી દિવાલ આપોઆપ ધરાશાયી બની જાય. 'હૈ ! શું કહો છો ! એમ બને?' એવા ઉદ્‌ગારો મુખમાંથી નીકળી જાય.



Melbourne Shwetambar Jain Sangh

વાત એવી બની હતી કે, દોઢસો-બસો જૈન કુટુંબનું સામાન્ય સુખી ગામ. ગામમાં પર્યુષણા પર્વ પછી નવકારશી હતી. ત્રણેક જાતની મીઠાઈઓ સાથેનો જમણવાર હતો. મહાજનની વાડીમાં આ જમણવાર ચાલુ હતો. અડધો-પોણો ભાગ જમીને વિદાય થયો હતો.

મહાજનના મુખ્ય માણસો વાડીના ઓટલા પાસે એમ જ બેઠા હતા. ત્યાં પ્રૌઢ વયના એક બહેન જમીને બહાર નીકળતા નજરે ચડ્યાં. માથે સરખું ઓઢેલું અને સાડલાના પાલવમાં મીઠાઈના આઠ-દશ બટકાં લઈને દબાતે પગલે બહાર નીકળી ગયા. એની ચાલ પરથી અને અણસાર ઉપરથી વહીવટદારોને અંદાજ આવી ગયેલો કે આ બહેન પેલી શેરીમાં ફલાણા કુટુંબના હોવા જોઈએ. સંભવ છે કે તેમના કુટુંબમાંથી કોઈક જમવા આવી શકે નહીં તેમ હોય તેથી એ સભ્યો માટે સંઘની શેષરૂપે આ લઈ જતાં હોય, અથવા તેમની પરિસ્થિતિ બદલાઈ હોય અને તેમાંથી એક-બે દિવસ ચાલે એવી ગણતરી હોય.

આવું વિચારી, બોલીને એ વહીવટદારભાઈ એ વાડીના મકાનની પાછલા ભાગની દિવાલ પાસે ગયા. રસોઈયાને બોલાવી પૂછ્યું : ભટ્ટજી, આપણી પાસે લોખંડની મોટી કોસ છે? ભટ્ટજીએ હા કહી. તો કહે : લાવો ને ! અને એ કોસ વડે પાછળની દિવાલમાં એક મોટું બાકોરું પડાવી દીધું, જેથી કોઈ ખાનદાન ઘરની વ્યક્તિને આવા કપરા સંજોગોમાં આવું કરતાં સંકોચાવું ન પડે !

આપણે તો આ જાણી આભા બની જઈએ. શું આવું વિચારી શકાય ? આવું કરી શકાય ? આ વાજબી છે ? પરંતુ આ બધી ચર્ચા નિરર્થક છે. **દિલની ઉદારતા અને વિશાળતાનો જ સવાલ છે.**

વહીવટદારના આ વર્તનને પુષ્ટિ આપતી એક નાની વાત જાણી ત્યારે એ વાતમાં તથ્ય હોઈ શકે એમ વિશ્વાસ બેઠો.

એક નાના ગામમાં ગ્રામજનોના લાભાર્થે છાસ-કેન્દ્ર ખોલવાની વાત ચાલી. એક આગેવાન જૈન કાર્યકરભાઈએ સૂચન કર્યું કે, છાસ-કેન્દ્રનું મકાન એવી જગ્યાએ રાખવાનું કે સારા ઘરની કોઈ વહુ-દીકરીને છાસ લેવા જતાં સંકોચ ન થાય. મને આ ભાઈની ઉદારતાભરી સૂઝ સ્પર્શી ગઈ. એ જ વખતે એમ વિચાર આવ્યો કે આપણે ત્યાંના આજના વહીવટદારને આવો વિચાર આવે છે તો આજથી સાઠ-સિત્તેર વર્ષ પહેલાના મહાજનને જમણવારની વાડીની પાછળની વંડીમાં મોટું બાકોરું પાડવાનો વિચાર જરૂર આવ્યો હશે.

દુનિયામાં બધે માત્ર દુરિતનું જ સામ્રાજ્ય છે એવું નથી. હજુ પણ સાચા ઘીના દીવા ક્યાંક ટમટમે છે અને એનું પાવક અજવાળું પાથરતાં રહે છે. આપણે આ બધામાંથી તો એ તારવવું છે કે **એક નબળી ગણાતી ઘટનાને માત્ર ઉચ્ચ દૃષ્ટિથી અવલોકવાથી તેને કેવી ઉચ્ચતર સ્થિતિમાં પલટાવી શકાય!**

એટલે, આપણે આવા **કોઈના કાજી બનતી વખતે તેની પાછળ છુપાયેલા કોઈ ને કોઈ સદ્અંશને શોધવાનો, એમાં કાંઈક સારું પણ હોઈ શકે તેવી કલ્પના કરવાનું શરૂ કરવું જોઈએ.** સૌ પહેલા તો આપણે જ સારા બનીએ. તેમાં જ વિશિષ્ટ જીવનકળા છે. એ કળા સાધ્ય કર્યા પછી જ સર્વત્ર શુભ-દર્શનનો લહાવો લઈ શકીશું.

**- પરમ પૂજ્ય આચાર્ય શ્રી પ્રદ્યુમ્ન સૂરિ મહારાજ**

**પાઠશાળા ગ્રંથ-૧ નો વિભાગ ૯ – મનન**



Melbourne Shwetambar Jain Sangh

# વચનસિદ્ધ અને સંકલ્પસિદ્ધ મુનિશ્રી વીરવિજયજી: ઝળહળતા વૈરાગ્યની મૂર્તિ સમા એ મહાપુરુષને શતશઃ પ્રણામ

વીરજી ભાવસાર. પૂર્વભવથી સાથે ખાસ્સું જમા પાસું લાવેલા. આવ્યા અહીં, પણ આંખ તો અગમ-લોકમાં મંડાયેલી.

મુનિ મહારાજ થોભણવિજયજી મહારાજ નામના ભેરુ મળી ગયા અને સરનામું મેળવી લીધું.

માએ લગ્નની બેડી પગમાં નાખી હતી. પણ, એને ગણકારે એ બીજા !

એ તો ઉપડ્યા નાતમાં ભળવા માટે. ઠેઠ પંજાબના ક્ષેત્ર જોડે એ લેણું નીકળ્યું. ચોપડે લખેલા લેખ મિથ્યા ન થાય. પણ, થોડો ખાંચો પડ્યો.

એ કાળમાં પણ માડી પગેરું શોધતાં પંજાબ જઇ ચડ્યાં. બે-ચાર સગાંને પણ સાથે લઇ ગયાં હતાં. વીરજી ભાવસારને માંડ-માંડ સમજાવ્યા અને ઘરે પાછા લઈ આવ્યા ! દીકરા પાસે વચન લીધું : એક દીકરો થઇ જાય, પછી તું છૂટો !

માનું વેણ ન ઉથાપ્યું. ઘરમાં આવીને રહ્યા તો ખરા પણ મન તો પંજાબમાં મૂકીને આવેલા. દિવસ ને રાત, શ્વાસે-શ્વાસે, બસ એ જ ધૂન, એક જ લગન : ક્યારે છૂટું આ કેદખાનામાંથી.

સંસાર માંડીને બેઠેલા. આમતેમ માડીના કામ કરે.

એક દિવસ બપોરે માએ વીરજીને કહ્યું : કદાચ જરૂર પડે તો કામ આવે, માટે થોડું ઘી લેતો આવ ને ! તપેલી અને પાવલી લઇ ઘીવાળાની દુકાને જઈ વીરજી ઊભો રહ્યો. ઘરાકી ઘણી હતી એટલે દુકાનદારે કહ્યું કે ખમો ! હમણાં દઉં છું.

ત્યાં તો એક છોકરો દોડતો આવ્યો અને વીરજીની સામે જોઈને બોલ્યો : ઝટ જાઓ. તમારે ઘેર દીકરો આવ્યો છે !

હે ! બોલતાં જ, વીરજીએ તપેલી અને પાવલી દુકાનદારને આપી. કહી દીધું : ઘી ઘરે પહોંચાડી દેજો અને પછી કહેજો કે વીરજી પંજાબ દીક્ષા લેવા ગયો છે !

ઘરના ફળિયે ડોકાવા પણ ન ગયા. પગ ઊપડ્યા સીધા ભાવનગર તરફ. સ્ટેશને પહોંચીને જે ગાડી ઊપડતી હતી, તેમાં જ બેસી ગયા. અથડાતા-કૂટાતા પંજાબ પહોંચ્યા.

અંબાલા શહેરમાં સુપાર્શ્વનાથ પ્રભુના સાન્નિધ્યમાં જીવને હાશકારો થયો ! ત્યાં પંજાબી કમળસૂરિ મહારાજના ચરણોમાં જીવન સમર્પિત કર્યું. દીક્ષા લઇ વીરજી ભાવસાર મટી, મુનિ વીરવિજય મહારાજ બન્યા વિક્રમ સંવત ૧૯૩૫ ની સાલમાં.

વૈરાગ્ય, ઝળહળતો હતો. ક્ષયોપશમ, તીવ્ર હતો. કાવ્ય-સ્તવનોની સહેજે સ્ફુરણા થતી હતી. આમેય પંજાબમાં તો, ગાના-બજાના જ્યાં ને ત્યાં ચાલતાં જ હોય. મુનિશ્રી વીરવિજયજીએ એ રંગમાં ભગવાનનો રંગ ભેળવ્યો અને ભક્તિભાવનાં અનેક સ્તવનોની મનહર રચનાઓ કરી. પોતે જનમ્યા તો, ગુજરાત-સૌરાષ્ટ્રમાં પણ બોલચાલ હિંદીમાં જ કરતા રહ્યા.



Melbourne
Shwetambar Jain Sangh

**મુનિશ્રી વીરવિજયજી રચિત સ્તવનની એક કડી...**

**क्युं न हो सुनाई सांई, जैसा गुन्हा क्या किया ?**
**औरो की सुनाई वे, मेरी बारी नाहीं आवे;**
**तुम बिन कौन मेरा, मुजे क्युं भूला दिया ! क्युं ०**

વિવિધ રાગ-રાગિણીથી શોભતી રચનાઓ પણ હિંદીમાં કરી. એમનાં રચેલાં સ્તવનો પંજાબમાં અને ગુજરાતમાં, લોકજીભે ચડ્યાં; ગવાતાં રહ્યાં. જાણે પ્રભુજીની સાથે વાતો કરતા હોય એવા ભાવ એમની રચનાઓમાં આવે !

તેઓ પૂજાઓ, સ્તવનો ખૂબ રંગ-ઢંગથી અને ભાવથી ગાતા. રસ અને રુચિ એવી કે, દિલ એકતાર થઈ જતું.

જીવનની પવિત્રતાના કારણે, મુનિશ્રીને વચનસિદ્ધિ પ્રાપ્ત થઈ હતી. આવા બે પ્રસંગ યાદ કરવા જેવા છે. એક વરતેજ ગામમાં બનેલો અને બીજો સિહોરમાં બનેલો.

મુનિશ્રી વરતેજમાં બિરાજેલા. ત્યાં, શ્રી સંભવનાથ ભગવાનના દેરાસરમાં નવ્વાણું પ્રકારી પૂજા ભણાવવા ગવૈયો ભાવનગરથી આવવાનો હતો, એવામાં મૂશળધાર વરસાદ ચાલુ થઈ ગયો. ગવૈયો હવે સમયસર નહીં આવી શકે તેવું લાગ્યું.

પૂજાની બધી તૈયારી થઈ ગઈ હતી. મુનિશ્રી પોતે પણ આવીને બેઠા. પૂજાઓ લલકારવી શરૂ કરી; પણ થયું કે, હારમોનિયમ ઉપર સૂર આપનાર કોઈ હોય, તો ગાવાનું બરાબર જામે ! તબલાની પણ ઝમક આવે !

શું કરવું ? એવી વિમાસણમાં હતા ત્યાં એમની નજર પૂજામાં બેઠેલા સાકરચંદ ભાવસાર નામના તેર-ચૌદ વર્ષના એક છોકરા પર પડી. વીરવિજયજી મહારાજે કહ્યું : સાકરચંદ, ઊભો થા ! પેટી શરૂ કર !

સાકરચંદ તો, બાધો બની આ સાંભળી રહ્યો; કહે : બાપજી ! મેં પેટીને કદી અમસ્તો પણ હાથ અડાડ્યો નથી. સારેગમના સૂરની કશી ગતાગમ નથી.

મહારાજ કહે : બેસ. તને આવડશે. તું ગાઇ શકીશ, વગાડી શકીશ.

સાકરચંદે ગુરુને પ્રણામ કર્યા. મહારાજે એને માથે હાથ મૂક્યો. આશીર્વાદ આપ્યા. ગુરુનો ચરણ સ્પર્શ કરી, પેટીનું અભિવાદન કરી સાકરચંદે સંગાથ આપ્યો ! પેટીએ સૂર પુરાવ્યો. આંગળીઓ ફરવા લાગી. દેશીઓ ગવાતી ગઇ તેમ-તેમ સૂર નીકળવા લાગ્યા ! પૂજા ભણાઇ. ગામ આખામાં વાત ફેલાઈ. પછી તો સાકરચંદે વર્ષો સુધી પૂજાઓ ભણાવી. અમે પણ વિક્રમ સંવત ૨૦૧૮/૧૯માં એમને સાંભળ્યા છે. બરાબર ઢબથી રાગ-રાગિણીથી પૂજાઓ ભણાવતા !

આ તે વચન સિદ્ધિ જ ને ?

હવે, સિહોર ગામમાં બનેલો પ્રસંગ જોઇએ. વરતેજ પાસેનું ગામ. ત્યાં, વિહાર કરીને મુનિશ્રી પધાર્યા હતા, ઉપાશ્રયમાં બિરાજમાન હતા. ઉપાશ્રયમાં પોપટ નામનો એક માણસ કામ કરે; સાધુ ભગવંતોની સેવા કરે. કાજો પણ કાઢે.



Melbourne
Shwetambar Jain Sangh

એ કાજો કાઢતો હતો. વીરવિજયજી મહારાજે એની સામે જોઈ, એને બોલાવવા બૂમ પાડી – પોપટ !

જવાબ ન મળ્યો. બીજી બૂમ, ત્રીજી બૂમ : પોપટ ! પોપટ!

જવાબ ક્યાંથી મળે ? એક ભાઈ ત્યાં હાજર હતા. તે કહે: મહારાજજી આ પોપટ સાંભળતો નથી. બોલતો ય નથી. એ એને મહારાજ સમક્ષ લઈ આવ્યા.

વીરવિજયજી કહે : બોલ ! પોપટ બોલ !

મહારાજશ્રીના આ વચનો જાણે એના અંતરપટને ભેદી અંદર ઊતરી રહ્યાં હતાં ! જ્ઞાનતંતુઓ ઝણઝણી ઊઠ્યા ! એને વાચા ફૂટી. જનમનો મૂંગો પોપટ પંચાવન વર્ષે બોલતો થયો !

મુનિશ્રી વીરવિજયજી આવા વચનસિદ્ધ અને સંકલ્પસિદ્ધ હતા! વૈરાગ્ય, વિરતિ અને વચનશુદ્ધિનો આ ચમત્કાર હતો.

આવું મસ્ત અને વૈરાગ્યમય જીવન જીવી, તેઓ ૬૭ વર્ષની વયે, વિ.સં. ૧૯૭૫ની સાલમાં ખંભાત મુકામે કાળધર્મ પામ્યા.

ઝળહળતા વૈરાગ્યની મૂર્તિ સમા આ મહાપુરુષને શતશઃ પ્રણામ.

**- પરમ પૂજ્ય આચાર્ય શ્રી પ્રદ્યુમ્ન સૂરિ મહારાજ**
**પાઠશાળા ગ્રંથ-૧ નો**
**વિભાગ ૪ – ધન્ય તે મુનિવરા રે !**



Melbourne Shwetambar Jain Sangh

# જિજ્ઞાસા ૧ - મહોત્સવ પ્રસંગમાં કાળાં કપડાં પહેરીને પ્રવેશ કેમ નહીં ?

અમારે અહીં દેરાસરમાં, પ્રવેશદ્વાર પર, અવારનવાર "કાળાં કપડાં પહેરીને પ્રવેશ કરવો નહીં" આવી સૂચના લખી હોય છે. કાળી ટોપી કે કાળો કમરપટ્ટો કે કાળો ઘડિયાળ-પટ્ટો પહેર્યો હોય, તે પણ ઉતરાવવામાં આવે છે. આ નિયમ પાછળનું કારણ જાણવું છે. અમને તો એવો ખયાલ હતો કે ગમે તે વર્ણનાં શુદ્ધ અને પવિત્ર વસ્ત્રો પહેરી જઈ શકાય. કાળા વસ્ત્રથી થતી આશાતનાનાં કારણ સમજવાની ઇચ્છા થઈ છે.

**ઉત્તર -** તમારો પ્રશ્ન/જિજ્ઞાસા ખૂબ જ વિચારપ્રેરક છે. **પ્રભુના શાસનમાં કશું નિરાધાર કે નિષ્કારણ નથી હોતું. હા, દરેક વિધાનની પાછળના હેતુનું આપણને જ્ઞાન ન હોય તેવું બને.** એ જાણવાનો પ્રયત્ન કરવો જોઈએ.

હા, તમે જે સૂચના-બોર્ડ જોયું હશે તે પ્રભુજીના મહોત્સવ પ્રસંગમાં જ જોયું હશે. પ્રભુજીની પ્રાણ-પ્રતિષ્ઠા (અંજનશલાકા) મહોત્સવ કે પ્રભુજીનો ગાદીનશીન (પ્રતિષ્ઠા) મહોત્સવ અથવા શ્રી શાંતિસ્નાત્ર યા અષ્ટોત્તરી સ્નાત્ર જેવા શુભ-મંગલ પ્રસંગે આ સૂચન જોયું હશે. આવા મહોત્સવના આરંભથી જ એટલે કે કુંભ સ્થાપના થાય ત્યારથી આ સૂચના કરવામાં આવે છે.

વાત એમ છે કે **પરમાત્મતત્ત્વનું આરોપણકાર્ય કે પરમાત્માને ગાદીએ બિરાજમાન કરવાનું કાર્ય એ અનેક જીવોના કલ્યાણમાં હેતુ બનનારું કાર્ય છે. કલ્યાણમાં ઉલ્લાસ એ પ્રાણ છે.**



Melbourne Shwetambar Jain Sangh

**પ્રભુ સ્વયં ઉલ્લાસમય છે તેથી આવા કાર્યનો પ્રારંભ થાય ત્યારથી, ઉલ્લાસ-ઉત્સાહનો વિરોધીભાવ શોક છે, તેની છાયા સુધ્ધાં આ પ્રસંગ પર ન પડવી જોઈએ.** માત્ર ઉલ્લાસ.. ઉલ્લાસ જ વાતાવરણમાં તરવરવો જોઈએ; તો જ એ પ્રસંગ સકલ આત્માના અભ્યુદયનું નિમિત્ત બની શકે.

આપણાં સંસારનો એક વણલખ્યો નિયમ છે કે કોઈ વ્યક્તિના સ્વજન ગુજરી ગયા હોય તો તેનાથી થયેલા શોક-દર્દને કારણે સારાં વસ્ત્રો પહેરવા ન ગમે, અને શોકદર્શક તથા ઉત્તમ ન કહેવાય તેવા વર્ણનાં - શ્યામ વર્ણનાં વસ્ત્રો પહેરવામાં આવે. તેવાં વસ્ત્રો પહેરીને આવનારના મનમાં શોકની કાલિમા સ્વાભાવિક જ છવાયેલી હોય અને એની શોકાકુલ અસર વાતાવરણ પર પણ થાય.

**ઉલ્લાસમય વાતાવરણમાં શોકની, જરા જેટલી પણ, છાંટ કે છાયા પડે તે અનુચિત છે માટે એવી વ્યક્તિને, એવા પ્રસંગે, એવા સ્થાને, એ દિવસોમાં પ્રવેશ આપવામાં આવતો નથી.** માટે નિયમ બન્યો કે કાળાં વસ્ત્રો પહેરેલી વ્યક્તિએ આવવું નહીં. એ બાબતમાં કાળી ટોપી કે કાળા વર્ણની અન્ય વસ્તુ અથવા અન્ય વસ્તુ સહિતની વ્યક્તિની અહીં વાત નથી. પરંતુ આ તો જન-સમૂહ છે. તેને આ બધી ઝીણી વિગતો કોણ સમજાવે? તેથી કાળી વસ્તુ માત્ર, પછી તે વસ્ત્ર હોય કે બંડી હોય, કામળી હોય, ટોપી હોય, પર્સ કે પટ્ટો હોય – નહીં એટલે નહીં.

આમ મૂળ વાત છે. એના અનુસંધાનમાં એ જાણવું જરૂરી છે કે એવા મહા-મંગળ પ્રસંગોમાં શ્રી નેમિનાથ પ્રભુની જાન, પશુનો વાડો, રાજીમતીનું વિરહદર્દ દર્શાવતાં ચિત્રો, રચના કે રંગોળી; શ્રી મહાવીર પ્રભુના અને પાર્શ્વનાથ ભગવાનના જીવનના



Melbourne Shwetambar Jain Sangh

ઉપસર્ગો, પરીસહો વર્ણવતાં ચિત્રો-રચના-રંગોળી કે ગીતોનો, આવા ઉત્સવના દિવસોમાં સર્વથા નિષેધ ફરમાવવામાં આવે છે. એવું બધું જોનારના મનમાં એવું થવા વકી છે કે અરર.. પ્રભુને આવા ઉપસર્ગો સહવા પડ્યા? મારા પ્રભુજીને આવા માણસે દુઃખ આપ્યું ? **ઉપસર્ગ કરનાર પ્રત્યે પણ દોષ જાગે. માટે આવો અશુભ ભાવ પણ ચિત્તમાં ન ફરકે, તે માટે એવી બાબતોનો મહા-મંગળ પ્રસંગોમાં નિષેધ કરવામાં આવે છે.**

અરે ! આવા મંગળમય દિવસોમાં પ્રભુજી સમીપે, **કુંભ-સ્થાપના કરવામાં આવી હોય તેની પાસે, ત્રિકાળ સ્મરણીય સ્તોત્રનો પાઠ કરવામાં આવે, તે પાઠ નવ હોવા છતાં તેમાંથી સાત જ ગણવાનું વિધાન છે.** નવમાનાં બે, નમિઉણસ્તોત્ર અને કલ્યાણમંદિરસ્તોત્ર બાદ કરવામાં આવ્યાં છે. એ માટેનું કારણ એ છે કે, એ બન્ને સ્તોત્ર શ્રી પાર્શ્વનાથ પ્રભુ વિષયક છે જેમાં કમઠે કરેલા ઉપસર્ગોનું વર્ણન છે ! **ઉપસર્ગના વર્ણનવાળાં સ્તોત્ર સિવાયનાં, માત્ર મંગલ શબ્દોના ભંડારરૂપ જે સાત સ્તોત્ર છે તેનો જ ત્રિકાળ પાઠ કરવામાં આવે છે !**

એક આવા શુભ પ્રસંગે, રાત્રે ભાવનામાં સંગીતકારે શ્રી મેતારજ મુનિનું ગીતબદ્ધ કથાનક શરૂ કર્યું તો, નિશ્રાદાતા પૂજ્ય આચાર્ય ભગવંતે સૂચના મોકલાવી કે ધન્ના-શાલિભદ્ર જેવું કથાગીત રજૂ કરવાનું રાખો, આ ન કરશો.

**ઉત્સવના દિવસોમાં સકળ સંઘના મન-પ્રાણમાં ઉલ્લાસનું તત્ત્વ જ રમમાણ રહેવું જોઈએ.** આ અનુસંધાને અન્ય એક પ્રસંગ રજૂ કરવા મન થાય છે. આજકાલ ઉજવાતા શાનદાર અંજનશલાકા પ્રસંગોએ, પંચ કલ્યાણકની ઉજવણી પણ 'બડા ઠાઠ' થી થતી હોય છે. જન્મ કલ્યાણકની ઉજવણીમાં, 'ઘર ઘર દીવડા પ્રગટાવો' અને 'ઘર ઘર હર્ષ વધાઈ' નું જ વાતાવરણ,



Melbourne Shwetambar Jain Sangh

ચોમેર ઊભું કરવામાં આવે છે. આ બરાબર છે. દુનિયાનો તારણહાર, એક રાજદુલારો જન્મ ધારણ કરે તેથી સર્વત્ર હર્ષની છોળ ઊછળે તે સમજી શકાય તેવું છે. વળી આ બધું મહોત્સવની શોભારૂપ પણ છે.

આવી સ્થિતિ હોવા છતાં, દીક્ષાકલ્યાણક ઊજવવાનું આવે છે ત્યારે, શા માટે ભારે ગમગીન અને શોકમય વાતાવરણ સર્જવામાં આવે છે, તે સમજાતું નથી ! **રૂડા રાજ-મહેલ ત્યાગીને, અવની પરનો એક અજોડ સંયમી, જન્મ-જરા-મૃત્યુના રોગથી કાયમી છુટકારાના માર્ગને બતાવવા, જગતના જીવમાત્રને દુઃખના કળણમાંથી ઉદ્ધારવા માટે, તરણ-તારણ જહાજરૂપ ધર્મતીર્થ પામવા માટેના ઉત્તમોત્તમ માર્ગે સંચરવા જાય છે, તે તો આપણા સૌને માટે આનંદની, હર્ષની, ગૌરવની ઘટના છે.** આવા રળિયાત પ્રસંગને લૌકિક શોકનાં કાળાં કપડાંથી શા માટે મઢવો પડે એ જ સમજાતું નથી ! આ બાબત તો ઉલ્લાસવંત મહોત્સવમાં કાળું ધાબું છે !

**જો એ શોક કૃત્રિમ હોય તો તે દંભ છે, નાટક છે; અર્હદ્ ધર્મ એને કદી આવકારે નહીં.** એ શોક સત્ય હોય તો પણ, આવા પ્રસંગે જે પાંચ શુદ્ધિનો આગ્રહ રાખવામાં આવે છે તેમાં પ્રાણ સ્વરૂપ, ભાવશુદ્ધિ ખંડિત થાય છે.

આ પાંચ શુદ્ધિમાં ભૂમિશુદ્ધિ, મુહૂર્તશુદ્ધિ, દ્રવ્યશુદ્ધિ (ધન તથા ઔષધિઓ, પૂજન-અનુષ્ઠાનનાં દ્રવ્યો), પૂજકશુદ્ધિ (નિશ્રાદાતા, આચાર્ય મહારાજ, વિધિકાર, ભગવાનના માતા-પિતા બન્યા હોય તેના આચાર-વિચાર તથા દેહની શુદ્ધિ), ભાવશુદ્ધિ (સહુનું હૃદય નિર્વેર હોય, નિર્મળ હોય, નિરહંકારી હોય) આવે. આ બધું હોય પછી જુઓ, પ્રભુજીના મહોત્સવની રંગત નિહાળો.

**આવો (પાંચ શુદ્ધિ સહિતનો) પ્રસંગ અનેકના હૈયે ચિરકાળ પર્યંત સંભારણું બની રહેશે. પ્રસંગ ઊજવવાનો હેતુ સિદ્ધ થાય છે. આવો પ્રસંગ નિહાળનારમાં બોધિબીજનું વાવેતર થાય છે.**

લંબાણપૂર્વકના આ ઉત્તરથી તમારું મન નિઃસંશય બન્યું હશે. **ધર્મ પ્રત્યે નિઃશંક બનેલા ચિત્તને, ધર્માનુષ્ઠાનનું ફળ કલ્પવૃક્ષની જેમ ફળે છે.** આવું ફળ તમને પણ પ્રાપ્ત થાઓ ! !

**- પરમ પૂજ્ય આચાર્ય શ્રી પ્રદ્યુમ્ન સૂરિ મહારાજ**

**પાઠશાળા ગ્રંથ-૧ નો**

**વિભાગ ૧૩ – જિજ્ઞાસા**

# નૂતન પ્રભાતે પ્રાર્થના

(અનુષ્ટુપ)

આશા ને ધૈર્યનો તંતુ તૂટુ તૂટુ થઈ રહ્યો
એવે ટાણે, નવા વ્હાણે, ચિંતવું માત્ર આટલું;
જીંદગી જેલ જેવી કે વેઠ જેવી નથી નથી,
શાળા છે એ પ્રયોગોની, માનવીના વિકાસની;

તપશ્ચર્યા વિના સિધ્ધિ ક'દી સાંપડતી નથી,
જીંદગી છે તપશ્ચર્યા, આકરી આત્મસાધના;
પહેલી પીડા પ્રસુતિની, પછી પુત્ર વધામણી,
આપત્તિ આજની એ તો આગાહી ભવ્ય ભાવિની.

આયુ, આરોગ્ય, ઐશ્વર્ય, આનન્દોલ્લાસ એ સહુ,
માંગુ ના કાંઈએ, આજે માંગુ માત્ર આટલું;
આશા, સ્થૈર્ય અને ધૈર્ય ક્યેમે ટકી રહે,
ઝાંખી તોયે ઝીણી જ્યોતિ, આત્મશ્રધ્ધા તણી ઝગે;

જીંદગી આખી છો જતી જંગમાં આમ ઝૂઝતા,
જીવતા જીવતા જોઉં, ઝીક તો હું ઝીલી શકું !
પ્રાર્થુ પામરતા ના'વે દુઃખમાં યે હસી શકું,
ભૂલું હું ના નિયન્તાને, એની હૂંફે સહુ સહું.



Melbourne
Shwetambar Jain Sangh

કોઈ કવિએ નૂતન વર્ષારંભે નિયન્તાના ચરણોમાં પ્રાર્થના કરવાના અવસરે હૃદયની વાણીમાં ચિંતન, માગણી અને પ્રાર્થના કેવા કેવા અસરદાર શબ્દોમાં ગૂંથી છે !

રચના ૨૫-૩૦ વર્ષ પહેલાની છે. **માનવીના અતલ ઊંડાણમાંથી, તેના પાતાળકૂવામાંથી ફૂટેલી શબ્દ સરવાણી ક્યારે ય જૂની, પુરાણી કે વાસી થતી નથી. તે નિત્યનૂતન જ રહે.** એમાં સત્ય સનાતનની સુવાસ હોય છે.

શરૂઆતની પંક્તિઓમાં વર્તમાન પરિસ્થિતિનું વર્ણન છે. પછી નિર્બળ અને હતોત્સાહને ચીમકી છે. પછી, **વર્તમાન સ્થિતિમાં ઉલ્લાસનો સંચાર થાય, ચિત્તમાં સકળ સફળતાનો પાયો, જે આત્મશ્રદ્ધા, આશા, ધીરજ અને સ્થિરતા ટકાવવાની માંગણી છે, જે વાસ્તવિક છે.** શબ્દો ઉધાર કે ઉછીના નથી, એમાં આત્માના અવાજની મહેક છે. આ શબ્દોને આપણે આપણા બનાવીએ. એમાંથી નવું જોમ, નવી તાજગીથી દિલ ઉભરાઈ જશે અને નવી કૂચ માટેનું ભાતુ મળી જશે.

**- પરમ પૂજ્ય આચાર્ય શ્રી પ્રદ્યુમ્ન સૂરિ મહારાજ**
**પાઠશાળા અંક ૦૨**



Melbourne Shwetambar Jain Sangh